

20,460 હે.માં 80% થી વધુમાં ડાંગર-મકાઈનું વાવેતર : ગયા વર્ષે 1084 મિમી સામે આ વખતે માત્ર 554 મિમી વરસાદ

સંતરામપુરમાં વરસાદ ખેંચાતાં 16,429 હેક્ટરના ડાંગર-મકાઈના પાક પર જોખમ

ભાસ્કર ન્યૂઝ | સંતરામપુર

સંતરામપુર તાલુકામાં ચોમાસાના શરૂઆતના વરસાદના ભરોસે ખેડૂતોએ ખેતરોમાં વાવેતર કરી દીધું, પરંતુ હવે વરસાદ ખેંચાઈ જતાં ઊભા પાકને પાણીની તંગી સતાવવા લાગી છે. તાલુકામાં આ વર્ષે 20,459.71 હેક્ટરમાં ખરીફ વાવેતર થયું છે. તેમાં 9,893.51 હેક્ટરમાં ડાંગર અને 6,535.37 હેક્ટરમાં મકાઈ છે. એટલે કુલ વાવેતરમાં 80%થી વધુ વિસ્તારમાં વાવેતર થયુ છે. હવે વરસાદ ખેંચાતાં વિસ્તાર પાણીની અછતના જોખમમાં આવી ગયો છે. ગયા વર્ષે અત્યાર સુધીમાં સંતરામપુર તાલુકામાં 1084 મિમી વરસાદ પડી ચૂક્યો હતો. જ્યારે આ વર્ષે અત્યાર સુધી માત્ર 554 મિમી વરસાદ નોંધાયો છે. એટલે ગયા વર્ષની સરખામણીએ 530 મિમી વરસાદ ઓછો છે. આટલી મોટી ઘટ વચ્ચે હવે એકાદ સારો વરસાદ નહીં પડે તો ઊભા પાકની સ્થિતિ વધુ ગંભીર બની શકે છે. ખેડૂત માટે ડાંગરનો એક હેક્ટર પાક તૈયાર કરવા પાછળ અંદાજે 50 હજારનો ખર્ચ થાય છે. એટલે માત્ર ડાંગરના 9,893.51 હેક્ટર વિસ્તારની

વાત કરીએ તો ખેડૂતોનો અંદાજિત ખર્ચ 494 કરોડ રૂપિયાથી વધુ થાય છે. આ ખર્ચમાં બિયારણ, ખાતર, દવા, મજૂરી, ટ્રેક્ટર સહિતના ખેતી ખર્ચનો સમાવેશ થાય છે. હવે પાક ઊભો થઈ ગયો છે ત્યારે પાણીની અછતથી આ રોકાણ જ જોખમમાં મુકાયું છે. પૂર્વ વિસ્તારમાં વરસાદ ખેંચાતા કોતર-નદીઓમાં પાણી ઘટી રહ્યું છે. કુવા-બોરમાં પણ પાણીનું સ્તર ઘટતાં સિંચાઈનો વિકલ્પ મર્યાદિત બની રહ્યો છે. ડાંગર જેવા વધુ પાણી માગતા પાક માટે આગામી દિવસોમાં વરસાદ નહીં પડે તો ખેડૂતો માટે પાક બચાવવો મુશ્કેલ બની શકે છે. ખેડૂતોએ પૈસા ખર્ચીને પાક વાવ્યો છે પરંતુ હવે પાક બચાવવા માટે આકાશ તરફ જોવાની સ્થિતિ છે. વરસાદની ઘટ સંતરામપુરના હજારો ખેડૂતોની આવક સામે ઊભું થયેલું મોટું જોખમ છે.

સંજેલી-સંતરામપુર RCC રોડના બાંધકામમાં ગુણવત્તાનું મટીરીયલ વાપરવાનો આક્ષેપ સાથે તપાસની માગ.

કાર્યપાલક ઈજનેર (પં.માર્ગ અને મકાન વિભાગ) તથા ગાંધીનગર સચિવને લેખિત રજૂઆત

સંજેલી - સંતરામપુર RCC ના કામમાં હલકું મટિરિયલ વાપરવાનો આક્ષેપ

ભાસ્કર ન્યૂઝ | સંજેલી

સંજેલીથી સંતરામપુર તરફ જતા મુખ્ય માર્ગ પર ચાલિયા ક્રોસિંગથી બનાવવામાં આવી રહેલા આર.સી.સી. રોડના બાંધકામમાં ગંભીર બેદરકારી સામે આવી છે. વર્ષોની રાહ જોયા બાદ સરકારે આ રસ્તો મંજૂર કર્યો છે પરંતુ કોન્ટ્રાક્ટર અને તંત્રની મિલીભગતથી માટીવાળી રેતી, હલકી ગુણવત્તાનું સીમેન્ટ, લોખંડ અને ગ્રેવલ વાપરીને લોટ પાણી ને લાકડા જેવી કામગીરી કરવામાં આવી રહી છે. જેને લઈને સ્થાનિક લોકોમાં ભારે રોષ વ્યાપ્યો છે. સ્થાનિક જાગૃત નાગરિક વીરસિંહભાઈ સબુભાઈ રાઠોડે પાણીમાં રેતી નાખીને તેમાં રહેલી માટી બતાવી કોન્ટ્રાક્ટરની પોલ ખોલી નાખી હતી. એસ્ટીમેટ મુજબ કામ ન કરી જાહેર નાણાંનો વેડફાટ થઈ રહ્યો હોવા છતાં માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ કે ઈજનેરો દ્વારા કોઈ સ્થળ તપાસ કરવામાં આવતી નથી. આ મામલે કાર્યપાલક ઈજનેર (પંચાયત માર્ગ અને મકાન વિભાગ) તથા ગાંધીનગર સચિવને લેખિત રજૂઆત કરવામાં આવી છે. માગ કરાઈ છે કે, વપરાયેલા મટીરીયલની ટેકનિકલ તપાસ કરાવી, નબળો રોડ તાત્કાલિક તોડી પાડી નિયમ મુજબ નવો બનાવે. સાથોસાથ દોષિત કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરી તેની સામે કાર્યવાહી કરવામાં આવે.

તપાસ નહીં થાય તો વિજિલન્સ તપાસ કરાવીશું

નિયમોને નેવે મૂકી રસ્તાની કામગીરી શરૂ થઈ છે અને તંત્ર કોન્ટ્રાક્ટરને છાવરે છે. સિમેન્ટ, રેતી, કપચી, લોખંડ યોગ્ય પ્રમાણે વપરાતું નથી અને રેતી તો હાથ અડકી ક્યાંની માટીવાળી ઉપયોગ થાય છે. ઓવરલેપ પણ યોગ્ય પ્રમાણેનથી ઊંડાઈ જાળવી પહોળાઈ કામ કરવામાં આવતું નથી. આ બાબતે યોગ્ય તપાસ નહીં થાય તો વિજિલન્સ તપાસ કરાવીશું. - વીરસિંહભાઈ રાઠોડ, સ્થાનિક રહીશ અને અરજદાર

કામ ખરાબ હશે તો તોડાવી નાખીશું

ફરિયાદ મળી હતી જેથી તપાસ કરી કામ સારું ના હોય તો કઢાવી નાખીશું, અત્યારમાં તો કામ થાય જ છે. ડિફેક્ટ લાઇબિલિટી પાંચ વર્ષની હોય છે. જો તૂટી જશે તો એને જ કરવાનો છે. કામ સારું જ થાય છે અને જો કામ ખરાબ હશે તો અમે તોડાવી નાખીશું. - એમ.આર.સંગાડા, નાયબ કાર્યપાલક એન્જિનિયર

સાંદિપની વિદ્યામંદિર, અંગ્રેજી માધ્યમમાં જન્માષ્ટમીની ઉજવણી

કૃષ્ણલીલા આધારિત નૃત્યો, ભજનો, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા

ભાસ્કર ન્યૂઝ | ગોધરા

સાંદિપની વિદ્યામંદિર, અંગ્રેજી માધ્યમ ખાતે તા.3 સપ્ટેમ્બરે જન્માષ્ટમી મહોત્સવની ઉજવણી કરી હતી.આ પ્રસંગે સમગ્ર શાળા પરિસરને રંગબેરંગી ફૂલો, આકર્ષક સજાવટ અને સુંદર રોશનીથી શણગાર્યું હતું, જેના કારણે સમગ્ર વાતાવરણ કૃષ્ણમય બની ગયું હતું. કાર્યક્રમની શુભ શરૂઆત શાળાના ટ્રસ્ટી દિલીપભાઈ પટેલ તથા શાળાના તમામ ડિપાર્ટમેન્ટ હેડ્સ દ્વારા દીપ પ્રાગટ્ય અને ભગવાન શ્રીકૃષ્ણની આરતી સાથે કરાઈ હતી. શાળાના નાના-નાના વિદ્યાર્થીઓ સુંદર રાધા- કૃષ્ણના પરંપરાગત પોશાકમાં સજ્જ થઈને આવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા કૃષ્ણલીલા આધારિત મનમોહક નૃત્યો, ભજનો તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની સુંદર રજૂઆત કરાઈ હતી. મહોત્સવનું મુખ્ય આકર્ષણ 'દહીં હાંડી' (મટકી ફોડ)નો કાર્યક્રમ રહ્યો હતો. વિદ્યાર્થીઓએ ઉત્સાહ અને ટીમવર્ક સાથે માનવ સાંકળ બનાવીને મટકી ફોડી હતી. સમગ્ર શાળા પરિસર 'નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી'ના જયઘોષથી ગૂંજી ઉઠ્યું હતું.

માનસિક અથવા એકબીજાને જોઇને થયેલી અસર હોવાનું અનુમાન

દેડિયાપાડાની મોસ્કૂટ શાળાના 11 વિદ્યાર્થીઓ અચાનક ધૂણ્યા

તમામને સારવાર માટે રાજપીપળાની સિવિલમાં ખસેડાયાં

ભાસ્કર ન્યૂઝ | રાજપીપળા

નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકાના મોસ્કૂટ ગામની મહાત્મા ગાંધી આશ્રમ શાળામાં શાળા સમય બાદ 11 બાળકો અચાનક ધુણવા લાગ્યા. ઘટનાથી શાળામાં અફરાતફરી મચી ગઈ. મુખ્ય શિક્ષકે 108 પર જાણ કરી. ત્યારબાદ બાળકોને તાત્કાલિક દેડિયાપાડા સરકારી હોસ્પિટલમાં લઈ જવાયા. વધુ તપાસ માટે તેમને રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં રિફર કર્યા. ફૂડ પોઈઝનિંગની શંકા વ્યક્ત થઈ. જોકે દેડિયાપાડા હોસ્પિટલમાં તબીબોની તપાસમાં કોઈ બાળકમાં ઝાડા, ઉલટી કે પેટમાં દુખાવા જેવા લક્ષણો જોવા મળ્યા નહોતા. તબીબોએ જણાવ્યું કે ઘટના માનસિક અસર અથવા એકબીજાને જોઈને થયેલી પ્રતિક્રિયા હોઈ શકે છે. કારણ જાણવા માટે વધુ ચકાસણી થઈ રહી છે. આશ્રમ શાળાના આચાર્ય પ્રવિણસિંહ ઉમાપરીયાએ જણાવ્યું કે માહિતી મળતાં જ 108 મારફતે બાળકોને હોસ્પિટલમાં ખસેડાયા. તેમણે કહ્યું કે તમામ બાળકો હાલ સ્વસ્થ છે. રાજપીપળા સિવિલમાં માત્ર ચેકિંગ માટે લઈ જવાયા છે. તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. ચેતન નકુમે જણાવ્યું કે સારવાર કરનાર ડોક્ટરો સાથે વાતચીતમાં ફૂડ પોઇઝનિંગના કોઈ પુરાવા મળ્યા નથી. તેમણે કહ્યું કે બાળકો એકબીજાને જોઈ ધુણવા લાગ્યા હોવાની શક્યતા છે.

ભરૂચમાં પત્નીને જીવતી સળગાવનાર પતિને આજીવન કેદ સહિત ₹10 હજારનો દંડ કરાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના વાગરા પોલીસ મથકની હદમાં વર્ષ 2020માં બનેલી પત્નીની નિર્મમ હત્યાના કેસમાં ભરૂચની પાંચમા એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટના જજ પી.એમ. સોનીની અદાલતે અત્યંત મહત્વનો ચુકાદો આપ્યો છે. અદાલતે પત્ની પર પેટ્રોલ છાંટી તેને જીવતી સળગાવી દેનારા આરોપી પતિ આસિફ સીતપોણીયાને કસૂરવાર ઠેરવી આજીવન કેદની સજા અને રૂ. 10 હજારનો દંડ ફટકાર્યો છે.બનાવની હકીકત એવી છે કે, ગત 15 જાન્યુઆરી 2020ના રોજ આરોપી આસિફે પોતાની પત્ની યાસ્મીનબેન સાથે મને પૂછ્યા વગર ઘરની બહાર તાપણું કરવા કેમ બેઠી છે તેમ કહીને તકરાર કરી હતી. ત્યારબાદ રસોડામાં જમવાનું કાઢતી પત્નીને ગડદા-પાટુ તથા માર્યા હતા. આજે તને પતાવી જ દેવી છે કહીને તેના પર ઘરમાં રહેલું પેટ્રોલ છાંટ્યું હતું. દૂરથી દીવાસળી નાખીને તેને સળગાવી દીધી હતી. ગંભીર રીતે દાઝી ગયેલા યાસ્મીનબેનનું સારવાર દરમિયાન કરુણ મોત નીપજ્યું હતું. વાગરા પોલીસ મથકમાં ગુનો નોંધાયા બાદ કોર્ટમાં કેસ ચાલ્યો હતો.

પાદરામાં ગણેશોત્સવને લઈ શાંતિ સમિતિની બેઠક

પાદરા. આગામી ગણેશોત્સવને હવે ગણતરીના દિવસો બાકી હોઈ ગ્રામ્ય પોલીસ દ્વારા તૈયારીઓ શરૂ કરાઈ છે. જેના ભાગરૂપે પાદરાના પ્રમુખ સ્વામી ટાઉન હોલ ખાતે ગણેશ મંડળોના આયોજકો, ડીજે માલિકો-ઓપરેટરો, આગેવાનો તથા સંબંધિત પ્રતિનિધિઓ સાથે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી.

CHANGE OF NAME
Old name - Mukhtiyar Isuf Belim
New Name - Belim Mukhtiyarbibi Yusufbhai
At- 131-KH,Vachalo Mahollo,Shahera Ta - Shahera, Dist-Panchmahal 389210 Gujarat India

CHANGE OF NAME
My old name is KALANDER ARBAZ AIYUB. My new name is KALANDAR ARBAZ AIYUB.
Address: Vali faliya No.1, Polan Bazar, Godhra, Panchmahal, Gujarat - 389001.

CHANGE OF NAME
Old name - Isuf Mustufa Belim
New Name - Yusufbhai Mustufabhai Belim
At- 131-KH,Vachalo Mahollo,Shahera Ta - Shahera, Dist-Panchmahal 389210 Gujarat India

CHANGE OF NAME
I MOHAMMADJAFAR SAKILBHAI SABJIFAROSH declare that I have changed My name from JAFAR SAKILBHAI KUNJADA to MOHAMMADJAFAR SAKILBHAI SABJIFAROSH
Add : Inamdar Gali, Kasba, Dahod.

CHANGE OF NAME
Old name - Belim Juned Isuf Mustufa.
New Name - Juned Yusuf Belim
At- 131-KH,Vachalo Mahollo,Shahera Ta - Shahera, Dist-Panchmahal 389210 Gujarat India

ભાસ્કર classified
એપોઇન્ટમેન્ટ
appointment

વડોદરામાં એકલા રહેતા વડીલો માટે ટિફિન સર્વિસ અને રસોઇમાં મદદરૂપ થઈ શકે તેવા સ્ત્રીવર્ગની તાત્કાલિક જરૂર છે. (રહેવા- જમવાની સુવિધા મળશે). સંપર્ક. 9624473069

જોઈએ છે

સાંઈ કૃપા ગ્રામ વિકાસ ટ્રસ્ટ સુખસર સંચાલિત સાંઈ પ્રાઈવેટ આઈ.ટી.આઈ બલૈયા ક્રોસિંગ પાડલિયા તા-સુખસર જિ-દાહોદ ખાતે કાર્યરત આઈ.ટી.આઈ ખાતે જુદા જુદા ટ્રેડોમાં સુપરવાઈઝર ઇન્સ્ટ્રક્ટરની ભરતી કરવાની હોઇ, અનુભવી તથા બિન-અનુભવી ઉમેદવારો પાસેથી રૂબરૂ તેમજ પોસ્ટ દ્વારા નીચેનાં સરનામે અરજીઓ મંગાવવામાં આવે છે.

અ.નં.	ટ્રેડનું નામ	જગ્યા
૧	વાયરમેન	૨
૨	ઇલેક્ટ્રીશિયન	૨
૩	સર્વેયર	૧

અરજી મોકલવાનું સરનામું :-
સાંઈ આઈ.ટી.આઈ બલૈયા ક્રોસિંગ, મુ-પાડલીયા, પો-ઝુપાખેડા, તા-સુખસર, જી-દાહોદ.પિનકોડ-૩૮૯૧૯૦ મો. : 97128 28560, 82384 03016

દસમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. મધુબેન

બાલાસિનોરના યુવક-યુવતી કેનાલમાં ડૂબી જતાં શોધખોળ કરાઇ હતી

થર્મલ નજીક નર્મદા કેનાલમાંથી યુવકની 18 કલાકે, યુવતીની 36 કલાકે લાશ મળી

ભાસ્કર ન્યૂઝ | સેવાલિયા

થર્મલ નજીક નર્મદા કેનાલમાં ડૂબેલાં બાલાસિનોરના યુવક-યુવતી પૈકી યુવકનો મૃતદેહ 18 કલાક બાદ કાલસર કેનાલમાંથી જ્યારે, યુવતિનો મૃતદેહ 36 કલાક બાદ લસુન્દ્રા કેનાલમાંથી મળી આવ્યો છે. પોલીસે બંનેના મૃતદેહને પી.એમ અર્થે મોકલી કાર્યવાહી હાથ ધરી છે.

ખેડા જિલ્લાના થર્મલ-સાંગોલ રોડ પર આવેલી નર્મદા કેનાલ પર સોમવારના રોજ રાત્રિના સમયે બિનવારસી હાલતમાં એક કાર અને ત્યાં નજીકમાં યુવતિના ચંપલ અને કેનાલની પાળ પરથી ગાડીનું રબર પેડલ મળી આવ્યું હતું, જેના થોડા સમય અગાઉ સ્થાનિકોએ એક યુવક અને યુવતિ કેનાલની પાળ પર બેઠેલા જોયાં હતાં. સ્થળ પરથી મળી આવેલાં પુરાવા પરથી બાલાસિનોરના ગૌતમ રાકેશભાઈ મહેરા અને નિરાલી બાલભદ્ર કેનાલમાં ડુબ્યાં હોવાનું જણાઈ આવ્યું હતું. આ અંગેની જાણ થતાં સેવાલિયા પોલીસની ટીમ તુરંત જ સ્થળ પર પહોંચી હતી. સ્થાનિક તરવૈયાઓની મદદથી તેમની શોધખોળ હાથ ધરી હતી. જોકે, કેનાલમાં પાણીનો પ્રવાહ વધુ હોવાથી જે તે વખતે બંનેમાંથી એકપણની ભાળ મળી ન હતી. જોકે, મંગળવારે સાંજના સમયે ગૌતમ મહેરાનો મૃતદેહ કાલસર કેનાલમાંથી મળી આવ્યો હતો. જ્યારે, બુધવારના રોજ બપોરના સમયે નિરાલીબેન બાલભદ્રનો મૃતદેહ લસુન્દ્રા કેનાલમાંથી મળી આવ્યો હતો. પોલીસે આ બંનેના મૃતદેહ પી.એમ અર્થે મોકલી આપી, કાર્યવાહી હાથ ધરી છે.

વડુમાં જૂના ઝઘડા મુદ્દે વેપારી સાથે મારામારી

પાદરા | પાદરા તાલુકાના વડુ ગામમાં વેપારી સાથે મારામારી કરી જાનથી મારી નાખવાની ધમકી અપાઈ છે. ફરિયાદ મુજબ માજીદ હોસ્પિટલ સામે રહેતા વારીસ સિંધા લાખી પાઉંભાજીની દુકાન પાસે જમવા બેઠા હતા. ત્યાં કેશભાઈ મેમણ સાથે બોલાચાલી થતા જાવેદ જુસુબ મેમણ અને યુસુફ જુસુબ મેમણ આવ્યા હતા.

8 સપ્ટેમ્બરની રાત્રે વારીશ ઘરે હતા. ત્યારે જાવેદ મેમણ અને મોઈનબાપુ બાઈક પર ત્યાં પહોંચ્યા. ફરિયાદમાં જણાવ્યા મુજબ જાવેદે ઝપાઝપી કરી અને ગડદાપાટુનો માર માર્યો હતો. વારીશની ફરિયાદના આધારે વડુ પોલીસે કાર્યવાહી કરી છે.

યુપીથી મુંબઇ લઇ જતી વેળા સગીરા અપહરણકારની ચુંગાલમાંથી છટકી ભરૂચ સ્ટેશને ઉતરી પડી

બસ ચૂકી જતાં રિક્ષામાં બેઠેલી યુપીની વિદ્યાર્થિની દેહવ્યાપારમાં હોમાતા બચી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ રેલવે સ્ટેશન પર ફરજ બજાવતી રેલવે પોલીસની શી-ટીમની સતર્કતાને પગલે એક અત્યંત ગંભીર ગુનો અટક્યો છે. ઉત્તર પ્રદેશથી અપહરણનો ભોગ બનેલી અને દેહવ્યાપારના ખપ્પરમાં હોમાતા બચી ગયેલી 16 વર્ષની સગીરાને બચાવી લેવામાં આવી છે. સખી વન સ્ટોપ સેન્ટરના સહયોગથી બાળકીનું કાઉન્સેલિંગ કરી તેના પિતા સાથે સુખદ પુનર્મિલાપ કરાવવામાં આવ્યો છે.

7 સપ્ટેમ્બરના રોજ સવારે 9:30 કલાકે ભરૂચ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-4 પર એક બાળકી મૂંઝાયેલી હાલતમાં બેઠી હતી. શી-ટીમના જવાનોએ પૂછપરછ કરતાં હકીકત સામે આવી. તે 5 સપ્ટેમ્બરે સ્કૂલેથી પરત ફરતી વખતે બસ છૂટી જતાં એક રિક્ષામાં બેસી ઘરે જવા નીકળી હતી. રિક્ષાચાલકે તેનું અપહરણ કર્યું હતું. તે સગીરાને દેહવ્યાપારના ગોરખધંધામાં ધકેલવાના મલિન ઈરાદે ડરાવી-ધમકાવી ટ્રેન મારફતે મુંબઈ લઈ જઈ રહ્યો હતો. જોકે, બાળકીએ સમયસૂચકતા અને હિંમત દાખવી. ભરૂચ સ્ટેશન પર ટ્રેન ઊભી રહેતા વોશરૂમ જવાના બહાને નીચે ઉતરી. તેણે પોતાનો બચાવ કર્યો હતો.

બાળકો વાહનમાં બેસે ત્યારે વાહનનો નંબર પરિવારને મેસેજ કરવાની ટેવ પાડે

ભાસ્કર એક્સપર્ટ આવી ઘટનાથી બચાવ કરવા માટે બાળકો જ્યારે પણ રિક્ષા કે અન્ય વાહનમાં બેસે ત્યારે વાહનનો નંબર પરિવારને મેસેજ કરવાની ટેવ પાડે. રસ્તો બદલાય કે કંઈ શંકાસ્પદ લાગે, તો ગભરાવાને બદલે તરત જ બૂમાબૂમ કરી આસપાસના લોકોની મદદ માંગવી. બાળકોને 1098 ચાઈલ્ડ હેલ્પલાઈન, 181 અને 112 પોલીસ જેવા ઈમરજન્સી નંબરો અચૂક યાદ રખાવવા જોઈએ. આ ઉપરાંત, જો બાળક પાસે સ્માર્ટફોન હોય, તો મુસાફરી દરમિયાન વાલીઓ સાથે પોતાનું લાઈવ લોકેશન શેર કરતા શીખવવું જોઈએ.

બેંક ઑફ़ बड़ौदा Bank of Baroda
ગાંધી ચોક શાખા, તાલુકા : ગોધરા,
જીલ્લો : પંચમહાલ, ગુજરાત - ૩૮૯૦૦૧.
ફોન : 91 9687678914. ઈ-મેલ : panjar@bankofbaroda.com

સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટીસ

[illegible]

ઈ-હરાજીની તારીખ અને સમય : ૨૫.૦૯.૨૦૨૬ - બપોરે ૦૨.૦૦ થી સાંજના ૦૫.૦૦ સુધી

તારીખ : ૦૭.૦૯.૨૦૨૬, સ્થળ : ગોધરા
અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા